INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા. ૩૦/૦૧/૨૦૨૩

- **"હાથ સે હાથ જોડો" યાત્રા રાહુલ ગાંધીનો સંદેશ અને ચાર્જશીટ ગુજરાતના તમામ લોકોના ઘરે પહોચાડશે: જગદીશ ઠાકોર**
- **'ભારત જોડો યાત્રા' વૈશ્વિક ફલક પર સૌથી લાંબી રાજકીય પદયાત્રા તરીકે નામના પામી: અર્જુન મોઢવાડિયા.**
- ગુજરાતમાં વારંવાર પેપર ફૂટવાની હકીકત રજુ કરતુ શ્વેતપત્ર ભાજપ સરકાર રજુ કરે: જીજ્ઞેશ મેવાણી

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે આદરણીય રાહુલજીના નેતૃત્વમાં સર્વ સમાજને સાથે રાખીને નીકળેલી "ભારત જોડો યાત્રા"નું સમાપન થયું. કન્યાકુમારી થી કાશ્મીર સુધીની "ભારત જોડો યાત્રા"ને ખુબજ અભુતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. દેશના દરેક ક્ષેત્ર, ધર્મ, જાતિના લોકો આ યાત્રામાં જોડાઈને દેશને સંગઠિત કરવા માટે આ રાષ્ટ્રવ્યાપી યાત્રામાં લાખો લોકો જોડાયા હતા. દેશમાં ચાલી રહેલ નફરતની રાજનીતિ દૂર કરવા, ભાઈચારાની ભાવના, દેશની અખંડિતતા, સમાનતાને સુનિશ્ચિત કરવા માટે આ યાત્રા ખુબ જ મહત્વની સાબિત થઈ રહી છે "ભારત જોડો યાત્રા"થી પ્રેરાઈને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ "હાથ સે હાથ જોડો" યાત્રા દ્વારા સૌ કોઈનો હાથ ઝાલવાના છીએ. દિલ્હીમાં આદરણીય રાષ્ટ્રીય પ્રમુખશ્રી મલ્લિકાર્જુન ખડગેની અધ્યક્ષતામાં મિટિંગ થઈ જેમાં તારીખ 20 થી 30 ડિસેમ્બર સુધી જીલ્લા કારોબારી માં 'હાથ સે હાથ જોડો યાત્રા' અંગે ચર્ચા થઈ. તારીખ 1 થી 10 જાન્યુઆરી સુધી યાત્રાના રૂટ નક્કી કરવા મિટિંગો થઈ અને 60-70 ટકા રૂટ નક્કી થઇ ગયા છે ગુજરાતમાં તારીખ 01 ફેબ્રુઆરીથી 'હાથ સે હાથ જોડો યાત્રા' શરૂઆત કરવામાં આવશે જેમાં સૌ પ્રથમ 71 નગરપાલીકાની જ્યાં ચૂંટણીઓ આવી રહી છે ત્યાંથી શરૂઆત કરવામાં આવશે ત્યારબાદ જિલ્લા પંચાયતની સીટ વાઈઝ 'હાથ સે હાથ જોડો યાત્રા' સમગ્ર ગુજરાત માં આ યાત્રા ઘરે ઘરે ફરશે. ગુજરાતમાં ૩ અને ૪ ફેબ્રુઆરીએ ગાંધીનગર, ૪ અને ૫ ફેબ્રુઆરીએ ભિલોડા,૬ ફેબ્રુઆરીથી ૧૭ ફેબ્રુઆરીમાં સુધીમાં ૧૭ તાલુકામાં યાત્રા પૂરી કરવામાં આવશે આદરણીય રાહુલ ગાંધીજીના સદેશને અમે ઘર-ઘર સુધી પહોંચડીશું. શ્રી રાહુલ ગાંધીનો સંદેશ અને ચાર્જશીટ ગુજરાતના તમામ લોકોના ઘરે પહોંચડાશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે પૂજ્ય મહાત્મા ગાંધી દ્વારા તાનાશાહ અંગ્રેજો સામે ૧૨ માર્ચ ૧૯૩૦ના રોજ શરુ કરવામાં આવેલી દાંડી યાત્રા એ વિશ્વમાં ઐતિહાસિક યાત્રાઓમાં સ્થાન ધરાવે છે તેવી જ રીતે ૫ સપ્ટેમ્બરના રોજ શરુ થયેલી 'ભારત જોડો યાત્રા' વૈશ્વિક ફલક પર સૌથી લાંબી રાજકીય પદયાત્રા તરીકે નામના પામી છે. આદરણીય રાહુલ ગાંધીએ દેશને જોડવા અને નફરત, ધ્રુણા, હિંસાને ખતમ કરવા અને ભાઈચારા, પ્રેમ, સદભાવનાના સંદેશને સમગ્ર દેશમાં ફેલાવવનું ભગીરથ કાર્ય ' ભારત જોડો યાત્રા' થકી શરુ કર્યું છે. કોંગ્રેસ પાર્ટી આ 'ભારત જોડો' ઝુંબેશને વધુ વ્યાપક બનાવવા માટે ૨૬ જાન્યુઆરીથી ૨૬ માર્ચ સુધી દેશભરમાં જન સંવાદ કાર્યક્રમ 'હાથ સે હાથ જોડો અભિયાન' ચલાવશે, જેનું નેતૃત્વ બ્લોક કોંગ્રેસ સમિતિઓ કરશે. આ અભિયાન હેઠળ ૬ લાખ ગામો, ૨.૫૦ લાખ ગ્રામ પંચાયતો અને ૧૦ લાખ મતદાન મથકો પર પહોંચીને રાહુલ ગાંધીનો સંદેશ અને મોદી સરકારની નિષ્ફળતાઓની ચાર્જશીટ દરેક ઘર સુધી પહોંચાડવામાં આવશે.

રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં સતત સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી રહ્યા છે. સરકારે ચૂંટણી વખતે નારો આપ્યો હતો કે ભરોસાની ભાજપ સરકાર પરંતુ ભરોસાની ભાજપ સરકારે રરમો પાડો જણ્યો છે. ગુજરાતના લાખો યુવાનોનું ભવિષ્ય વધુ અંધકારમય બન્યું છે. આ પેપર નહિ પણ ગુજરાતના સામાન્ય પરિવારોમાંથી આવતા બેરોજગાર યુવાનો-યુવતીઓનું કિસ્મત ફૂટ્યું છે. ગુજરાતના યુવાનોને ન્યાય મળે અને સાચી વિગતો સામે આવે તે માટે ભાજપ સરકાર શ્વેતપત્ર બહાર રજુ કરે તેવી કોંગ્રસ પક્ષ માંગ કરે છે જેથી ગુજરાતની જનતાને સાચી હકીકત જાણવા મળે કે કેટલા પરીક્ષાના પેપર ફૂટ્યા? છે કેટલા ગુન્હા દાખલ કરવામાં આવ્યા? કેટલી ધરપકડ કરવામાં આવી? કેટલી ચાર્જશીટ કરવામાં આવી? કેટલા કિસ્સમાં સજા થઇ? અને કેટલા જવાબદારને જેલમાં ધકેલાય છે? કૌભાંડીઓને ખાતરી છે કે ગુજરાતના શાસનમાં તેમને કંઇ થવાનું નથી. ચૂંટણીમાં ઘણો પ્રચાર કર્યો પણ ભાજપે ક્યાંય પેપર ન ફુટવાની ખાતરી આપી ન હતી. હજુ સુધી રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ મગનું નામ મરી નથી પાડ્યું. જેઓ અગાઉ પેપર લીક કરતા હતા તેઓ ફરીથી પકડાયા હતા, જે સાબિત કરે છે કે ઔપચારિકતાઓની ઘણી તપાસ કરવામાં આવી રહી છે નાની માછલીઓને પકડીને તપાસ પૂર્ણ થઈ જાય છે.

(ડો. મનીષ એમ. દોશી)
કન્વીનર અને પ્રવક્તા